પાંચ મહિનાથી પગારની રાહ જોતા સાબરકાંઠા અરવલ્લી જિલ્લાના વી.આર.પી.ઓ.

ઉમેદવારોએ પહેલા પગારનું કવર પણ જોયું નથી

ધનસુરા, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લા પંચાયત દ્વારા ચાલુ વર્ષે પડેલા ધોધમાર વરસાદના કારણે થયેલા નુકશાન માટે પાંચ માસના કરારથી ટી.આર.પી. અને વી.આર.પી. રિસોર્સની ભરતી કરવામાં આવી હતી. આવા ઉમેદવારોનો તંત્ર દ્વારા પગાર કરવામાં ન આવતા આર્થિક રીતે ભીંસમાં મુકાયા છે.

રાજ્યના અનેક જિલ્લાઓમાં ચાલુ વર્ષે ધોધમાર વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે ખેડૂતોનો પાક ધોવાઈ જવા પામ્યો હતો. ખેડૂતોના નુકસાન માટે જિલ્લા પંચાયત દ્વારા સહાય ફાળવવામાં આવી હતી. સહાય માટે સાબરકાંઠા જિલ્લા પંચાયત દ્વારા સર્વેની કામગીરી માટે તાલુકા અને જિલ્લામાં કામગીરી માટે ઉમેદવારોની ભરતી કરવામાં આવી હતી.

તંત્રએ તાલુકાઓમાં તાલુકા રિસોર્સ ગ્રૂપ અને ગામડામાં વિલેજ રિસોર્સ ગ્રૂપ પર્સનની ભરતી કરી હતી. આ ભરતીમાં પાંચ હજારના માસિક પગારથી કરવામાં આવી હતી. સિલેક્શન થયેલા ઉમેદવારોએ ખેતરોમાં જઈને સર્વેની કામગીરી કરી હતી.

તંત્ર દ્વારા આવા ઉમેદવારોનો છેલ્લા પાંચ મહિનાથી પગાર ન કરતા ઉમેદવારો આર્થિક રીતે ભીંસમાં મુકાયા છે. ત્યારે સમગ્ર પંથકમાં ચર્ચા ચાલી રહી છે કે શુ આ ઉમેદવારોનો પગાર અધિકારીઓ ચાઉ કરી ગયા હશે ? ભરતી કરવામાં આવી છે તો પગાર આપવામાં ઠાગાઠૈયા કેમ કરવામાં આવે છે.

જિલ્લા ખેતીવાડી અધિકારી આવા ઉમેદવારોનો સત્વરે પગાર ચૂકવે નહિ તો ઉમેદવારો દ્વારા આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે.

લાખણી ગામે ટ્રેકટર સ્પેર પાર્ટસ ચોરી કેસમાં બે જેલ હવાલે

ડીસા, તા.૧૫

બનાસકાંઠામાં નવ નિર્મિત લાખણી તાલુકામાં ગત ગુરુવારે એક ટ્રેકટર સ્પેર પાર્ટસની દુકાનમાંથી અજાણ્યા તસ્કરો રાત્રિ સમયે રૂપિયા બે લાખ એકયાસી હજારની કિંમતના ટ્રેકટર સ્પેર પાર્ટસની ચોરી કરી ગયા હતા. જેમાં આગથળા પોલીસે ફરિયાદ બાદની કાર્યવાહીમાં ત્રણ આરોપીમાંથી બેની મુદ્દામાલ સાથે ધરપકડ કરેલ છે.

બનાસકાંઠા જિલ્લાનાં નવ નિર્મિત લાખણી તાલુકામાં થયેલી ૨.૮૧ હજારની ઘરફોડ ચોરીનો ભેદ પોલીસે ઉકેલ્યો છે અને આ કેસમાં ત્રણ આરોપીઓએ આ ગુનો આચર્યો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવેલ છે. આ ચોરીની ઘટનાની મળતી વિગતો જોઈએ તો નવ નિર્મિત લાખણી તાલુકામાં ગત ગુરુવારે દુકાન માલિક ત્રિકમભાઈ ભીખાભાઈની ટ્રેકટર સ્પેર પાર્ટસ દુકાનમાંથી મોડી રાત્રે ટ્રેકટર સ્પેર પાર્ટ, રેડિએટર, વિવિધ ઓઈલના ડબલા સહિત રૂપિયા ૨.૮૧ લાખના મુદ્દામાલની આ શખ્સોએ ચોરી કરી હતી. જો કે ગણતરીના ૪૮ કલાકોમાં વિભાગીય પોલીસ વડા એચ.એલ. આહીર અને આગથળા પીએસઆઈ કે.એલ. ગાઢે સંયુકત તપાસ હાથ ધરી ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. જેમાં બહાર આવેલ કે દુકાન માલિક ત્રિકમભાઈ ભીખાભાઈ પટેલનો સગો ભત્રીજો ડાહ્યાભાઈ દયારામ પટેલ રહે. માણકા તાલુકો લાખણીવાળો મહેતાજી તરીકે કામ કરતો હતો અને દુકાનની બેમાંથી એક ચાવી તેની પાસે રહેતી હતી જેથી તેણે અન્ય સહ આરોપી શ્રવનજી બલવંતજી ઠાકોર (જીપ ચાલક) રહે. જડીયાલી તાલુકો-દિયોદર તેમજ ચમનજી રામચંદજી ઠાકોર સાથે મળી પોતાના કાકાની દુકાનમાં જ ચોરી કરવાનો પ્લાન બનાવ્યો હતો અને બે દિવસ અગાઉ મોડી રાત્રે દુકાનની બીજી ચાવીથી તાળા ખોલી જીપમાં ચોરીનો મુદ્દામાલ નાખી ભાગી જઈ આ ચોરીને અંજામ આપ્યો હતો. પોલીસની આકરી તપાસમાં આ ચોરીના માસ્ટર માઈન્ડ ડાહ્યાભાઈ પટેલે ગુનાની કબુલાત કરી હતી. આ કેસમાં પોલીસે હાલ તો ડાહ્યાભાઈ પટેલ અને જીપદાલા ચાલક શ્રવનજી ઠાકોરની ધરપકડ કરેલ છે. જયારે આ માલ સંગ્રહ કરનાર અન્ય આરોપી ચમનજી ઠાકોરને ઝડપવા ચક્રો ગતિમાન કરેલ છે. (ધનેશ પરમાર)

તાલુકાની બોરીયા પ્રાથમિક શાળામાં બાળકો અને શિક્ષકોએ રંગ ઉડાડી ધૂળેટી પર્વની ઉજવણી કરી હતી. પર્વમાં રંગબેરંગી કલર અને કેસુડાના ફુલના કલરથી બાળકોએ હોળી-ધૂળેટી ઉજવી હતી. ઉજવણીમાં શાળાનો શિક્ષણ ગણ જોડાયો હતો. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

મતદાર જાગૃતિ રેલી

ભારત સ્કાઉટ ગાઈડ સંઘ સાબરકાંઠા દ્વારા મતદાર જાગૃતિ અભિયાનના ભાગરૂપે પ્રાંતિજના મોયદ ગામમાં મતદાર જાગૃતિ રેલી કાઢવામાં આવી હતી. રેલીને ગાઈડર કુસુમ પટેલે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી. રેલી રબારીવાસ, સાડફળી, ગોવિંદફળી, દરબાર ગઢ, કાગજી વાડામાં ફરી હતી. જેલમાં ૫ બુથ અને ૫૦૦૦ મતદારોનો જન સંપર્ક કરી મતદાન જાગૃતિ અને રૂપરેખા આપી હતી. રેલીમાં અતુલભાઈ , નટુભાઈ કટાર, આચાર્ય સંજયભાઈ, દિલીપભાઈ-અગ્રણીઓ જોડાયા હતાં.

લક્ષ્મીપુરામાં મતદાર જાગૃતિ રેલી યોજાઈ

લક્ષ્મીપુરા, તા. ૧૫

લોકસભાની ચૂંટણી અન્વયે ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે મતદાર જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં લક્ષ્મીપુરા પ્રાથમિક શાળાના અને હાઈસ્કૂલના બાળકોએ પ્લે બોર્ડ સાથે રેલીમાં ભાગ લીધો હતો. આ રેલી પ્રાથમિક શાળાથી નિકળી, નવા બજાર, હરીજનવાસ, વ્યાયામ શાળા થઈ પંચાયત ઘર સુધી ફરી હતી. આ રેલીમાં મામલતદાર એચ.એન. મોદી, તલાટી નલીન ગાંધી, પ્રા. શાળા આચાર્ય જ્યોત્સનાબેન પ્રજાપતિ, આનંદીબેન પટેલ સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

MCMC દ્વારા ઉમેદવારો અને રાજકીય પક્ષોના પેઈડ ન્યૂઝ અને જાહેરાતનું નિરીક્ષણ કરશે

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા સ્તરની MCMC (મીડીયા સર્ટિફીકેશન એન્ડ મોનીટરીંગ કમિટી) સમિતિના અધ્યક્ષ બંછાનિધિ પાનીની સુચના અને માર્ગદર્શન હેઠળ સમિતિના સભ્ય સચિવ અને નાયબ માહિતી નિયામકશ્રી વી.જે. મેસરીયાએ યોજેલી બેઠકમાં ૦૫- લોકસભા સામાન્ય ચૂંટણી અને ૨૭- હિંમતનગર વિધાનસભા મતદાર વિભાગની પેટા ચૂંટણી દરમિયાન ચૂંટણી લડતા તમામ ઉમેદવારો તથા રાજકીય પક્ષોના પ્રચાર-પ્રસારની તમામ ગતિવિધિઓ પર ઝીણવટપૂર્વક નજર રાખવા, સાબરકાંઠા જિલ્લામાં માધ્યમ પ્રમાણિકરણ અને દેખરેખ નિયંત્રણ સમિતિ (MCMC) ની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત સમિતિ ઉમેદવારો દ્વારા આપવામાં આવતા પેઈડ ન્યૂઝ તથા જાહેરાતની તમામ બાબતો પર પણ બાજ નજર રાખી, નિરિક્ષણ અને નિયંત્રણ કરવાની કામગીરીની ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં માહિતી કચેરી, હિંમતનગર ખાતે કાર્યરત MCMC નિયંત્રણ કક્ષની સ્થાપના રાઉન્ડ ધી ક્લોક કર્મચારીઓની કામગીરી ઉપરાંત પ્રિન્ટ અને વિજાણુ માધ્યમો આવતા પેઈડ ન્યૂઝની તમામ બાબતો પર પણ બાજ નજર રાખી નિરીક્ષણ અને નિયંત્રણ કરવાની કામગીરીનું સુચારૂ આયોજન કરવામાં કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું. ઉપરાંત સોશ્યલ મીડિયા પર પણ ધ્યાન રાખવા માર્ગદર્શક સૂચના આપી હતી.

આ બેઠકમાં અધિક કલેક્ટરશ્રી ધાનાણી, હિંમતનગર વિધાનસભાના મદદનીશ આર.ઓ. વ્યાસ અને નાયબ ચૂંટણી અધિકારી બાબી ઉપસ્થિત રહ્યા હતા.

પેસેન્જર તરીકે બેસાડી નજર ચૂકવી ચોરી કરનાર ઝડપાયા

ઓટોરીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી નજર ચુકવી થેલામાંથી દાગીનાઓની ચોરીઓ કરતી ગેંગના ચાર સભ્યોની કાઈમબ્રાંચે ધરપકડ કરી છે. બાતમીના આધારે આરોપી અસગર અલી હિદાયતઅલી સૈયદ, મહમ્મદ અસલમ ઈરલામુદ્દીન અંસારી, ઈરફાન ચાંદભાઈ મનસુરી તથા મહમ્મદ શકીબ મહમ્મદ આરીફ અંસારીને પકડી પાડી તેમની પાસેથી સોનાના દાગીનાની કિંમત ૨,૦૯,૫૦૦ તથા રીક્ષા મળી કુલ ૨, ૯૯, ૫૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. સુભાષબ્રીજ સર્કલથી એક મહિલાને પેસેન્જર તરીકે રીક્ષામાં બેસાડી તેમના થેલાને રીક્ષાના પાછળના ભાગે મુકાવડાવીને મહિલાની નજર ચુકવી થેલામાંથી દાગીનાની ચોરી કરી હતી બાદમાં થોડે દૂર જઈ રાણીપ ચાર રસ્તા પહેલા રીક્ષાનો વાયર તુટી ગયો હોવાનું બહાનું બતાવી તે મહિલાને રસ્તા પર જ મારી ચારેય આરોપીઓ નાસી ગયા હતા.

વરસોની પરંપરા મુજબ પ્રાંતિજ તાલુકાના મજરા ગામે હોળી ઉત્સવ ઉજવાશે

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર કુઈ પાસેના મજરા ગામે વરસોની પ્રણાલીકા પ્રમાણે હોળી ઉત્સવ સમસ્ત ગામ સામુહિક રીતે ધાર્મિક આસ્થા અને શ્રદ્ધાથી ઉજવે છે. બહાર રહેતા લોકો પણ હોળી પ્રસંગે મજરા ગામે આવતા હોય છે.

મજરા ગામના ગોદરે વરસો પૌરાણિક ભૈરવદાદાનું મંદિર આવેલું છે. સમગ્ર પંથકમાં ત્યારે શ્રદ્ધાને આસ્થા સમા ભૈરવદાદાના વિશેષ પુજન-અર્ચન ગરબાના વરસોથી ભૈરવદાદા યુવક મંડળ દ્વારા કરવામાં આવે છે.

સમસ્ત મજરાના ગ્રામજનો છાણા, હોડાયા, લાકડા, જુના ગાડા લાવી ભૈરવદાદાના મંદિર નજીકના ચોકમાં મોટી હોળી બનાવવામાં આવે છે. હોળી નીચે પણ ખાડો કરી માટલી, લાડુ ધરાવી પુજન બાદ હોળી તૈયાર કરવામાં આવે છે. નવા લગ્ન કરેલા દંપતી કે પછી પ્રથમ બાબો હોય તેમને હોલીકા દહન બાદ પાંચ ફેરા ફેરવવામાં આવે છે. પ્રદક્ષિણા કરનારા હાથમાં તાબાના લોટામાં ગંગાજળ તેમજ મકાઈ જવની ધાણી, હાઈડા, હોલીકામાં દહન કરી પ્રદક્ષિણા બાદ પણ ભૈરવાદાદાના દર્શન કરી માનતાઓ પૂર્ણ કરે છે.

ભવ્ય હોલીકા દહન વખતે દરબારો સાફા બાધી આગવી અદામાં પ્રદક્ષિણા બાદ સમસ્ત ગામના આસ્થા શ્રદ્ધા વાળા યુવાનો, વૃદ્ધો હોળીના ધગ-ધગતા અંગારા ઉપર ચાલી ભૈરવદાદાની જય, મહાકાળીની જય, હોલીકામાંની જય, સહીતના દેવ-દેવતાઓની જય બોલતા ખુલ્લા પગે અંગારા પર ચાલે છે. ને હજારો લોકો આ દૃશ્ય જોવા હોલીકા દહનના ખાસ કાર્યક્રમો જોવા ભૈરવદાદાના વિશેષ પુજન દર્શન માટે મજરા ગામે ઉમટી પડે છે. આ પ્રણાલિકા વરસોથી ચાલે છે. અને એક સંપે આખુય ગામ હોળી ઉત્સવ ઉજવે છે. ભૈરવદાદાના મંદિરે અસંખ્ય પ્રસાદ તેલ શ્રદ્ધાળુઓ મુકતા જતા હોય છે.

ખેડબ્રહ્મા કોલેજનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૧૫

ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૧૧-૩-૨૦૧૪ના રોજ ઉદયપુર (રાજસ્થાન) ખાતે ૫૦ વિદ્યાર્થીઓને આવરી લેતા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉદયપુરની મોહનલાલ સુખડીયા યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ તથા યુનિવર્સિટી મધ્યસ્થ ગ્રંથાલયની વિદ્યાર્થીઓને મુલાકાત કરાવી શિક્ષણ સંદર્ભિત સામયિકો, ગ્રંથોનો પરિચય કરાવાયો હતો. ત્યારબાદ રાજમહેલ, ફતેસાગર સરોવર, મોતીમગરી, રહેલીઓની વાડી જેવા ઐતિહાસિક અને દર્શનીય સ્થળોની મુલાકાત લઈ આનંદ પ્રમોદ સાથે વિદ્યાર્થીઓને મેવાડના ઈતિહાસ અને એના ઈતિહાસ પુરુષો જેવા કે રાણાપ્રતાપ, મહારાણા સાંગા, મહારાજ ઉદયસિંહજી વગેરેની વિગતે સમજૂતી આપવામાં આવી હતી. જેના દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્રભાવના, રાષ્ટ્રરક્ષા, સંસ્કૃતિરક્ષાનો જાણે-અજાણે સંદેશ મળ્યો હતો. આ પ્રવાસના સંચાલનમાં પ્રા. ડૉ. વી.સી. નિનામા, ડૉ. રોહીત દેસાઈ, શ્રી હરપાલસિંહ ચૌહાણ, ડૉ. મહેન્દ્ર પરમાર, પ્રા. નીતા ચૌધરી, યોગેન્દ્રસિંહ ચૌહાણ અને શ્રી કાન્તિલાલ કટારાનો સક્રિય સહયોગ રહ્યો હતો. આ પ્રવાસમાં પ્રિ.એન.ડી. પટેલનું સતત માર્ગદર્શન મળ્યું હતું.

સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાની સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક કલેક્ટર બંછાનિધિ પાનીના અધ્યક્ષસ્થાને આજે હિંમતનગર ખાતે યોજાઈ હતી.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

કલેક્ટર બંછાનિધિ પાનીએ ઉપસ્થિત અધિકારીઓને ચુંટણીલક્ષી માર્ગદર્શન આપતા જણાવ્યુંહતું કે, સાબરકાંઠા લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૪ અને હિંમતનગર વિધાનસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત તા. ૩૦ એપ્રિલ-૨૦૧૪ના રોજ મતદાન યોજાનાર છે. મતદાનના દિવસે મોટી સંખ્યામાં મતદાન થાય અને તેમાં ખાસ કરીને મહિલા તથા યુવા મતદારોની સામેલગીરી વિશેષ પ્રમાણમાં થાય તે હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા સ્વીપ અંતર્ગત મતદાર જાગૃતિ અને લોક સામેલગીરીના ખાસ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. જેમાં લોકસંપર્ક ધરાવતી કચેરીના તમામ પત્રો સાથે મતદાર જાગૃતિનો સંદેશો અવશ્ય પહોંચે તેવી વ્યવસ્થા કરવા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું.

વધુમાં કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે હોળી જેવા પવિત્ર તહેવાર દરમિયાન જ્યાં લોકસમૂહ મોટાયે આવતા હોય તેવા વિસ્તારમાં મતદાર જાગૃતિ લાવવાનું કામ કરાય ઉપરાંત વિચરતી જાતિના સમુદાયના લોકોને મતદાનનો પવિત્ર હક અદા થાય તે દિશામાં અસરકારક કામગીરી અધિકારીઓને જણાવ્યું હતું.

સાબરકાંઠા જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓ/માધ્યમિક શાળાઓ, પ્રાથમિક-સામુહિક આરોગ્ય કેન્દ્રના પ્રાંગણમાં મતદાર જાગૃતિનું કાર્ય કરશે. લોકશાહીના આ મહા પર્વમાં જોડાવવા માટે તમામ મતદારોને પોતાના પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરવા પ્રેરિત કરાશે. જેમાં જિલ્લાના પ્રાથમિક અને માધ્યમિક વિભાગના શિક્ષણાધિકારીઓની કચેરીઓ દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકના વાલીઓ મોટા પાયે મતદાન કરે તે માટે વિદ્યાર્થીઓને સંકલ્પ પત્ર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પૂરા પાડવામાં આવ્યા હતા. આ સંકલ્પ પત્રોમાં વિદ્યાર્થીઓ તેમના માતા-પિતાની સહી મેળવી ૨ લાખથી વધુ સંકલ્પ પત્રો શાળામાં પરત જમાં કરવામાં આવ્યા છે.

સાબરકાંઠા જિલ્લામાં તટસ્થ, ન્યાયી અને મુક્ત વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે તમામ નોડલ અધિકારીઓને તેમની ટીમોને તાકીદે કાર્યાન્વિત કરવા કલેક્ટર બંછાનિધિ પાનિએ સૂચના આપી હતી. આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયા, અધિક કલેક્ટર ધનાણી, પ્રાંત અધિકારીશ્રીઓ સહિત તમામ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉભરાણમાં અગિયારસના મેળામાં હૈયાથી હૈયું દળાયું : ભારે ભીડ

મુલોજ, તા.૧૫

માલપુર તાલુકાના ઉભરાણ ગામે સુલપાણેશ્વર મહાદેવજીના મંદિર ખાતે આંબલી અગિયારસનો ભાતીગળ મેળો ભરાયો હતો. મેળામાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડયું હતું.

ગુજરાતમાં મેળાઓનું અનેરું મહત્વ છે. મેળામાં સંસ્કૃતિ જોવા મળે છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં આવેલા ઉભરાણ ગામમાં સુલપાણેશ્વર મહાદેવના મંદિર ખાતે ફાગણ સુદ અગિયારસે પ્રતિ વર્ષ ભાતીગળ મેળો ભરાય છે. આ વર્ષે અગિયારસે જિલ્લાના રભોડા, આંબલીયા, જીતપુર, ચોરીવાડ સહિતના આજુ બાજુના ગામડાના લોકો મેળો માણવા આવતા હતા. મેળામાં હૈયાથી હૈયું દળાતું જોવા મળ્યું હતું. તેમજ વિવિધ રમકડાંના સ્ટોલ જોવા મળતા હતા.

સ્કાઉટ ગાઈડ દ્વારા મતદાર જાગૃતિ અભિયાન માટે મોયદ ગામમાં આચાર્યોની મીટીંગ યોજાઈ

પ્રાંતિજ, તા. ૧૪

ભારત સ્કાઉટ ગાઈડ સંઘ સાબરકાંઠા દ્વારા મતદાર જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવેલ છે. જિલ્લા ચીફ કમિશનર અતુલભાઈ દીક્ષિતના અધ્યક્ષ સ્થાને મોયદ પ્રા. શાળામાં સ્કાઉટ ગાઉડ ટુપ સ્કુલોના આચાર્ય શ્રીઓની મીટીંગ યોજવામાં આવી હતી. જેમાં મતદાર જાગૃતિ માટે કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તાલુકા પ્રા.શિ. અધિકારીએ સર્વે આચાર્યશ્રીઓને પ્રત્યેક ગામમાં રેલી અને જનસંપર્ક કાર્યક્રમો કરવાનું જણાવ્યું હતું. પ્રાંતિજ પ્રા. શિ. શરાફી મંડળીના ચેરમેન શ્રી મધુસુદન પટેલે તા. ૧૯ માર્ચ ૨૦૧૪ના રોજ સોનાસણ સલાલ, સાંપડ, પીલુદ્રા, કરોલ, મજરા, ઘડકણ, સુખડ વગેરે ગામોમાં મતદાર જાગૃતિ અંગે માનવ સાંકળ બનાવી જન જાગૃતિ કરવામાં આવશે. આ મીટીંગમાં શ્રી મનીષભાઈ પટેલ સલાલ શાળાના આચાર્યશ્રીમતી રીટાબેન, સોનાસણના આચાર્યશ્રી ઈશ્વરભાઈ, સાંપડના જયંતિલાલ પટેલ, મોયદના આચાર્યશ્રી અજયભાઈ પટેલ, અતુલભાઈ તથા ગીરીશભાઈ, શૈલેષભાઈ વિ.સી.આર. સીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧